# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૧

## સલામી સવારની..

છે બધા અજીત ખાયકીમાં, ખાવા બેઠા છે!
મળી ગઇ છે સત્તા ની ગંગા, નાવા બેઠા છે!
ખાવા બેઠા માવાને, દેશ છે લાવા પર
પવાર, કાકા મટી ભત્રીજા થાવા બેઠા છે
(અજીત ના એક કાંકરે બે પંખી)

## હાઇકુ

થાય કસોટી!
બને છે ચર્ચાસ્પદ -
કોર્ટ ચૂકાદા..
(દહીં-દૂધ ન્યાય)

વધે વિકાસ
વિકાસ વહેણનાં -
વળતાં પાણી?!
(ગુજરાત-બિહારમાં
બંધનો સિલસિલો)

## ચિંતન

**યત્રાખંડલદન્તિ દન્ત મુસલોન્યા ખંડિતાન્યા હવે ધારાયત્ર પિનાકપાણિ પર શોરા કુંઠિતા માગતાઃ ।**
**તન્મે તાવદુરો નૃસિંહ કર જૈર્વ્યાદીર્યતે સાંપ્રતં દૈવ દુર્બલતાં ગતે તૃણમપિ પ્રાયેણ વજાયતે ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય-નાં 'નસીબનો મહિમા' નામના પ્રકરણનો આ શ્લોક છે :

'પ્રહલ્લાદના પિતા હિરણ્યકશિપુ કહે છે કે : રણ સંગ્રામમાં યુધ્ધ કરતાં ઇન્દ્રના હાથી ઐરાવતના દંતશૂળ પણ મારી છાતીમાં ભટકાઇને ખંડિત થઇ ગયા -

જયાં મહાદેવના પરસુની ધાર પણ ભટકાઇને કુંઠિત થઇ ગઇ, એવી મજબૂત-લોખંડી મારી છાતી નૃસિંહના નખ માત્રથી ભેદાઇ રહી છે એ શું આશ્ચર્ય નથી? ખરેખર નશીબ જયારે દુર્બળ બની જાય છે ત્યારે ઘણી વખત તણખલું પણ વજ જેવા હથિયારની કામ કરી જાય છે.'

હિરણ્ય કશ્યપે વરદાન માગ્યું હતું કે મારૂં મૃત્યુ રણમાં-યુધ્ધમેદાન-ઘર-મહેલ-નદી-તળાવ-પાણી-આકાશમાં કે કોઇ પણ હથિયારથી ન થાય કે કોઇ માણસ કે પશુ દ્વારા-અંદર કે બહાર પણ ન થાય, સવારે કે રાત્રે-દિવસે ન થાય, એક 'અમર પદ' ન માગી શકાય એટલે આવા વિકલ્પો મૂક્યા, ભગવાન વિષ્ણુ વિધાતા છે એ બધા જ વિકલ્પોનું પાલન કરી, ઉંબરા પર, સંધ્યા ટાણે નૃસિંહ રૂપે નહોરથી મારી નાખ્યો, એટલે હરિણ્ય કશિપુએ નશીબનો મહિમા સ્વીકાર્યો.

## સુવિચાર

- સેવા માટે કંઇ પૈસાની જરૂર નથી, જરૂરત છે પોતાનાં સંકુચિત જીવનને છોડવાની, અને ગરીબો સાથે એક રૂપ થવાની - **વિનોબા ભાવે**
- નિઃસ્વાર્થ સેવા ભાવ દ્વારા જ સાચું મનુષ્યત્વ અને હૃદયની વિશાળતા ઓળખાય છે - **સ્વામી વિવેકાનંદ**
- જેણે સેવા ધર્મ સ્વીકાર્યો છે એણે હંમેશ માટે ગરીબીનું વ્રત લેવું જોઇએ - **ગાંધીજી**
- ભાતૃભાવથી કરેલી સેવા કરતાં આત્મભાવથી કરેલી સેવા ઉત્તમ છે- **રામકૃષ્ણ પરમહંસ**
- જેની સેવા કરો તેને ભગવાનથી ભિન્ન ન સમજો - **વચનામૃત**
- સેવા ધર્મ અત્યંત કઠિન છે - **તુલસીદાસ**
- જ્ઞાન સેવા પરાયણ હોવું જોઇએ, અને સેવા પ્રભુ પરાયણ હોવી જોઇએ - **શ્રી રામચંદ્રજી ડોંગરે**

## બોધ કથા

આપણે કૂતરાં-બિલાડાં-પોપટ આપણા આનંદ ખાતર પાળીએ અને ઘરના સભ્યની જેમ સાચવીએ રાખીએ પણ એના મનમાં શી ગડમથલ ચાલતી હશે એ કોને ખબર? કેટલાંક તો માછલાં-કાચબાને પણ 'પવિત્ર' અને લક્ષ્મીદાતા સમજી ઘરમાં કાચની પેટીમાં પૂરી રાખે, યાદ આવે તો પાણી પણ બદલાવે અને ખાવાનું પણ આપે! ચૂંઆંગ-ઝૂ-ચીન ના પ્રખ્યાત ચિંતક અને બુધ્ધિશાળી ન્યાયી વિદ્વાન નદી કાંઠે નિજાનંદમાં મોટા મોટા કાચબાને ચણા નાખતા બેઠા હતા. નિત્ય-નિયમ હોઇ કાચબા પણ ગેલમાં પૂંછડી હલાવી-હલાવી ચણા ખાતા હતા.

ત્યાં ચીનના રાજાના બે અધિકારીઓ આવ્યા ચૂંઆંગને વંદન કરી ઉભા રહ્યાં, ચૂંઆંગે તેમને ચૂપ રહી કાચબા જોવાનો સંકેત કર્યો, ચણા ખાઇ કાચબા ચાલ્યા ગયા, પછી ચૂંઆંગે અમલદારોને આવવાનું કારણ પૂછ્યું..

અમલદારો કહે રાજા આપને દરબારમાં મુખ્ય સલાહકાર તરીકે નિમવા ઇચ્છે છે અને દરબારમાં હાજર કરવા અમને ફરમાન કર્યું છે.

ચૂંઆંગે પ્રશ્ન કર્યો, મેં સાંભળ્યું છે રાજાના મહેલમાં એક મોટો કાચબો છે જે રાજાને ખૂબ પ્રિય છે અને રાજા તેના માટે ખૂબ સમય આપે છે, એ વાત સાચી? અમલદારે હકારમાં માથું હલાવ્યું.

ચૂંઆંગ કહે, જો રાજા તેને નદીમાં મુક્ત કરી દે તો કાચબો વધારે પ્રસન્ન રહે એમ તમને નથી લાગતું?!

અમલદારો એમના પ્રશ્નથી જ એમની ઇચ્છા જાણી પાછા ચાલ્યા ગયા..

# ગાંધીજીનું જીવન એ પવિત્ર યૌધ્ધાનું પાવનકારી જીવન છે, એકલે હાથે હથિયાર વિના વિરાટ સત્તાને પરાસ્ત કરનાર એ મહાત્માની કથા એક સ્વયં મહાભારત છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### કાવ્યસેતુ : "બાપુ"ને શત્ શત્ વંદન સહ.

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

**"દાંડી" થૈ દીવાદાંડી...**

ધ્રિબાંગ દાંડી પિટાય ને સૂતું ગામ સફાળું જાગે,
બાપુ! તારી દાંટી વાટે, માનવ મહેરામણ ભાગે.
માંડ્યાં ડગ સાબર તીરેથી, મીઠાકરે મુક્તિ કાંજે,
ગાજે તુજ સંગે શરણાયું ને ઢોલ-નગારાં ગાજે.
બાપુ! તું માનવ નહીં, ખરે જ મહામાનવ લાગે!
દાંડીકૂચે ધર્મયુધ્ધ માંડ્યું, અમ સ્વતંત્રતા માગે.
અચેતને દેશે પ્રાણપૂર્યો, એપ્રિલ ઓગણીસો ત્રીસે,
પગપાળા ચાલુ નીકળ્યો, વિચાર્યું નહીં જાત વિષે.
દાંડી પીટી સબરસ કાજે, દીધી દોટ દાંટી વાટે,
તુજનામે જયકાર થાયે; ઘેરઘેર, બજાર-હાટે.
પરદેશીને કર્યા પાંસરા, નમક કાયદો તોડી,
આ અસહકાર ચળવળે, ગુલામી ગર્દન મરોડી!
દાંડી પંથે કચ આદરી લીધી ન તલવાર - ખાંડી,
ગોરાને તેનો "દધિ" રાહ ચીંધતી, દાંડી થૈ દીવાદાંડી!

### નિબંધીકા

**વિશ્વના મહાપુરૂષોની દૃષ્ટિએ મહાત્મા ગાંધી**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું વિભૂતિ તત્ત્વ વિશ્વના અનેક પ્રાજ્ઞ પુરૂષોએ વિવિધ દૃષ્ટિકોણથી પ્રમાણ્યું છે. તેને પુરા આદરથી ગૌરવાન્વિત કર્યું છે.

અમેરિકાના ખ્યાતનામ પત્રકાર લઈ ફિશરે કહ્યું હતું કે, 'હું લેનિન, ચર્ચિલ, રૂઝવેલ્ટ, સ્ટાલિન અને આઈન્સ્ટાઈનને મળ્યો છું. પણ ગાંધી કરતાં વધારે ચમત્કારિક માણસને હું મારી જિંદગીમાં મળ્યો નથી, મેધાવી તથા તટસ્થ એવા બે અમેરિકન પત્રકારના શબ્દો 'તત્કાલિન મહાપુરૂષો કરતાં ગાંધી મૂઠી ઊંચેરા માનવી હતા તેની પ્રતીતિ કરાવે છે.'

ઈઝરાયેલના પૂર્વ પ્રધાનમંત્રી શિયોન પેરેત્ઝે કહ્યું, 'વિશ્વ છેલ્લી બે સદીઓમાં બે મહાન પુરૂષો જોયા છે. નેપોલિયન અને ગાંધી. તેઓના મતે ગાંધીએ વીસમી સદીની મહાન પ્રતિભા હતા.', 'ધી ટ્રેજેડી ઑફ યુરોપ' ના લેખક ડૉ. ફ્રાન્સિસ નિલસન ગાંધીજીના વ્યક્તિત્વનાં અનેક પાસાંઓ પર વેધક પ્રકાશ પાડતાં લખે છે કે, 'ગાંધી અપૂર્ણ છે. કોઈ માણસે એમની જેમ મહાન સામ્રાજયને પડકાર્યું હોવાનું નોંધાયું નથી. પ્રવૃત્તિમાં ડાયોજિનસ, વિનમ્રતામાં સંત ફ્રાન્સિસ અને પ્રજ્ઞામાં સોક્રેટીસ એવા એમણે સાધ્ય માટે બળ ઉપર આધાર નાખનારા રાજનીતિજ્ઞોની નરી પામરતા જગત સામે છતી કરી છે. નિલસનના મતે ગાંધીમાં ડાયોજિનસ કર્મઠતા, સંત ફ્રાન્સિસની નમ્રતા અને સોક્રેટીસના શાણપણો સુભગ સમન્વય હતો. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ જેમની સામે સતત સંઘર્ષ લેખ્યો હતો. તે જનરલ સ્મટ્સે પણ ગાંધીજી વિષે આદર અને અહોભાવ વ્યક્ત કરતાં કહેલું, 'એમના જેવા માણસો વ્યવર્થતા અને ક્ષુલ્લકતાની લાગણીમાંથી આપણને બહાર કાઢે છે. અને આપણને સારા કામોમાંથી ન થાકવાની પ્રેરણા આપે છે. એમણે કહયું કે 'આ માણસના પગરખામાં ઉભવાને હું લાયક નથી.'

જહૉન હેઈન્સ હોય તેમને રાષ્ટ્ર નેતા તરીકે વૉશિંગ્ટન જેવા રાષ્ટ્રો નાયકોની હરોળમાં મૂકે છે. ગુલામોનાં મુક્તિદાતા તરીકે લિંકન વગેરે જેવાઓની પંક્તિમાં સ્થાન આપે છે. તથા ખ્રિસ્તી ધર્મગ્રંથો જેને અપ્રતિકારક અથવા તો કદી નિષ્ફળ ન જનારો પ્રેમ કહે છે. તેના પુરસ્કર્તા સંત ફ્રાન્સિસ થોરો અને ટોલ્યટોયની કક્ષામાં તેમને મુકે છે. સાથે એ પણ નોંધે છે કે, 'એમનું સ્થાન સર્વકાળમાં સર્વોપરી ધર્મ પ્રબોધકો લાયોત્સે, બુધ્ધ, જરથુસ્ટ, ઈસુની સાથે છે.'

ગાંધીજીના મૃત્યુ ટાણે ફ્રાન્સના એક વખતના વડાપ્રધાન લિયો બ્લુમે એ આવા મનોબાવો વ્યક્ત કર્યા હતા. 'ગાંધીને મેં કદી જોયા નથી, એમના દેશમાં મેં કદી પગ મૂકયો નથી, તેમ છતાં મેં મારૂં પ્રિયજન ગુમાવ્યું હોય એવું દુઃખ મને થાય છે. આ અસામાન્ય મનુષ્યના શૉકમાં જગત આખું ગરકાવ થઈ ગયું છે.'

ગાંધીજીનું જીવન એ પવિત્ર યૌધ્ધાનું પાવનકારી જીવન છે. એકલે હાથે હથિયાર વિના વિરાટ સત્તાને પરાસ્ત કરનાર એ મહાત્માની કથા એક સ્વયં મહાભારત છે.

( સંકલિત) - નટવર હેડાઉ

### ● પુસ્તક પરિચય સેતુ

**સુગંધનું સરનામું**

**લેખક - તથાગત પટેલ : પ્રકાશક - શ્રીમતી રેણુકા બી. પટેલ,**
**બી-૬૦, સી.પી.નગર, વિ-૧, ઘાટલોડિયા, અમદાવાદ-૩૬૦૦૬૧**
**કિંમત - રૂા. ૮૦/-**

કુદરત અને પરમાત્માની અગોચરતા અને અગમ્યતાને પામવાની, મથામણોમાંથી અને મન હૃદયમાંથી વહી ચિંતન સરિતા બનવા મથતી સૂક્તિ - સરવાણીઓ એટલે 'સંબંધનું સરનામું' તથાગત પટેલનું આ એક વિશિષ્ટ પ્રદાન છે. જેમાં સ્વને વૃક્ષ - નદી - પહાડ - પર્વત - આકાશ - વાદળની જે જે અનુભૂતિઓ થઈ છે એની અહીં સરસ અભિવ્યક્તિ મળે છે. મન સાથેની મથામણોમાંથી આવી સરસ સુગંધ શીકરો જન્મી છે. લગભગ સાડા પાંચ દાયકાના પ્રલંબ કાળ દરમિયાન ચિંતનમાંથી, વાચનમાંથી અને અનુભવમાંથી જેને સુગંધનું સરનામું મળ્યું છે એવા લેખકની કલમનો પાંચેક વર્ષનો પરિશ્રમ આપણને સૌને સુવાશ્રિત કરે તેવું આ પુસ્તક છે. લેખકને ખુબ ખુબ અભિનંદન.

**● શૈશવના સૂર**

**સંપાદક - મેહુલ કવિ, કિરણ પ્રજાપતિ**
**પ્રકાશક - સરોજબેન ભીખુભાઇ કવિ**
**મુ.પો.કડિયાદરા, તા. ઇડર, જિ.સાબરકાંઠા, કિંમત રૂા. ૨૦૦/-**

'શૈશવના સૂર' પુસ્તકમાં સંપાદકોએ ત્રણ ભાષા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીના ૧૨૦ ગીતોનું સંપાદન કર્યું છે. આ બાળગીત સંચયની લાક્ષણિકતાઓ છેકે બાળકોની કલ્પનાની દુનિયાના વિષયોને આવરી લઈને બાળગીતોને ૧૧ વિભાગમાં વિભાજીત કરાયા છે. પારિવારિક, ગીત, પ્રાણી ગીત, પ્રકૃતિ ગીત, રમકડાં ગીત, રમતગમત ગીત, પ્રવેશોત્સવ ગીત, અંક ગીત, વેશભૂષા ગીત, પ્રવાસગીત અને ઉત્સવ ગીત એમ વિવિદતા સભર અને સરળતાથી બાળકો ગાઈ શકે તેવા ગીતો અહીં સમાવાયાં છે. આ સંચયમાં પસંદ કરાયેલાં ગીતો બાળ સહજતા, જ્ઞાન-ગમ્મત અને બાળ માનસને ધ્યાન પર રાખી પસંદ કરવામાં આવ્યાં છે. બાળકોમાં સુષુપ્ત ચેતના જાગૃત થાય, જિજ્ઞાસા વધે, અને બાળક સાચા અર્થમાં ભાર વિનાનું ભણતર પ્રાપ્ત કરે તેવો સુભાશયથી આ સંચય આપનારા યુવા સંપાદકોના પરિશ્રમને આવકારું છું. બાળકોને અને શિક્ષકોને જોતાં જ ગમી જાય તેવું સુંદર મુખપૃષ્ઠ, સુંદર છપાઈ તેમજ ડૉ. કનૈયાલાલ ભટ્ટની પ્રસ્તાવના ધ્યાનાકર્ષક બની છે. અભિનંદન.

**● અનન્વય**

**લેખક - બાબુભાઇ સોલંકી 'રાકેશ'**
**પ્રકાશક - પોતે,**
**૩, સપ્તસતી સોસાયટી, રજવાડુ રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧**
**કિંમત - અમૂલ્ય, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**

આ કાવ્યસંગ્રહનાં મદ્દ્હ અંશે કાવ્યો અછાંદસ છે. કવિની છેલ્લા ૫૦ વર્ષની કાવ્યયાત્રાનો આલેખ અહીં મળે છે. ચિંતનાત્મક કાવ્યથી માંડીને દોહા, મુક્તક, હાઈકુ, મોનોઈમેજ એ ગુજlish પ્રકારની કાવ્યરચનાઓનું સુભગ સરવૈયું આપણને અહીં મળે છે. કાવ્યોમાં કવિ જીવનના વિવિધ વિવર્તોનું દર્શન કરાવે છે. વિવિધ ભાવો, વિચારો અને કલ્પનામાં રાચે છે. જીવન અને જગતના વિવિધ ક્ષેત્રોમાં ફરી વળે છે. પ્રકૃત્તિના વસંત, વર્ષોથી માંડીને 'બોળું', 'તલાવડી' સુધીના રૂપોને આલેખે છે. તેમાં કયારેક વસંતનો ઉલ્લાસ હોય છે. તો કયારેક કૃષ્ણની વેદના પણ ગાય છે. આ સંગ્રહમાં આપણને કુલ-૧૨૬ જેટલી રચનાઓ મળે છે. સંગ્રહની પ્રસ્તાવના ડૉ. બેહેચરભાઈ પટેલ 'સ્થિપ્રજ્ઞ' એ લખેક છે. કાવ્યમાં ભાવનાના ઉછાળા સાથે આદર્શ અને ચિંતનની ઉત્કટતા વિશેષ જોવા મળે છે. કાવ્યના આ રસથાળો આવકારું છું.

**● પીળો રંગ હજુ લીલો છે**

**લેખક - અશ્વીન પટેલ**
**પ્રકાશક - વસુધરા પ્રકાશન**
**૧૧, રિલીફ પાલિકા બજાર, અલાપસ રોડ, અમદાવાદ-૧, કિંમત - રૂા. ૩૫/-**

રમુજી ટુચકાઓનો આ સંગ્રહ છે. તેમાં શબ્દોની રમત અને અર્થમાથી અનર્થ ન થાય તે રીતે ખુશીથી વાક્ય રચનાઓ કરી, જાત જાતના અને ભાત ભાતના ટુચકા રચી આપી વાંચકોને મજા પડે તેવું વાચન લેખક પીરસે છે. અશ્વીનભાઈ આમ પણ એક મળવા જેવા માણસ છે. તેમના આ સંગ્રહની સફળતા માટે અભિનંદન પાઠવું છું.

# અસંતોષ એ અનેક મનોરોગોની જનની છે, લોભ, લાલચ, અન્યાય, અનીતિ, ભ્રષ્ટાચાર વગેરે અનેક બદીઓના મૂળમાં આ અસંતોષ રહેલો છે

## 'હથોડી અને ટાંકણું'

- હર્ષદરાય ઉપાધ્યાય

'થોડા હૈ થોડે કી જરુરત હૈ'

સા...ચ્ચે બધાની જોડે ઘણું છે પણ વ્યક્ત કરશે કે થોડું જ છે, અને હજુ થોડું વધુ જરૂરી છે. આટલું જો મને મળી જાય તો હાશ! પછી કશું જોઈતું નથી. કદાચ આવા ઉદ્ગારો સૌને મોંઢે મેં સાંભળ્યા છે, પરંતુ ઈચ્છાઓ અને માંગણીઓનો કદી અંત આવતો જ નથી. એટલે કે અસંતોષથી આપણું જીવન ભરેલું છે. કોઈને પણ પૂછવામાં આવે કે તમારૂં મકાન પર્યાપ્ત છે? તો કહેશે... ના એક રૂમ વધુ હોય તો સારૂં.

અસંતોષ સર્વદા ખરાબ જ હોય છે તેવું પણ નથી. વિશ્વમાં થયેલ બધી શોધોનાં મૂળમાં 'વધુ' ની લાલચ જ રહેલી છે. ગરમી લાગતાં પંખો જરૂરી બન્યો. પણ પંખાથી અસંતોષી રહેનારે એ.સી. સુધીનો શોધો કરી છે. માણસને જે મળ્યું તેમાં જ સંતોષ માની બેસી રહ્યો હોત તો કદાચ આજે જે સુખ - સગવડો ભોગવી રહ્યો છે તે ન હોત.

આ પ્રકારનો અસંતોષ એ સૌની સુખાકારી માટે નો હોય છે. વિકાસ માટેનો અસંતોષ એજ શ્રેષ્ઠતમ સ્થિતિ સુધી લઈ જાય છે. પ્રગતિ માટે કરાતા વિચારોને "અસંતોષ" શબ્દ બંધબેસતો આવતો નથી. ગુલામીની સ્થિતિએ આઝાદીની ખેવના એ શું અસંતોષ કહેવાય? વિશ્વમાં મગજ સર્વ જીવોને પ્રાપ્ત થયું છે પરંતુ માણસ પાસે જે દિમાગ છે તે કદાચ કોઈ જીવ પાસે નથી. પથ્થરયુગથી લઈ આજના પ્લાસ્ટિક યુગ સુધીના યાત્રા વિકાસની ઝંખનાના જોરે જ થઈ શકી છે.

પરંતુ અંગત સ્વાર્થ માટે અથવા વધુને વધુ મેળવવાની પ્રબળ ઈચ્છાથી વર્તમાન સુખને ન માણી શકવું તે દુઃખદ બાબત છે. આજના સ્પર્ધાત્મક યુગમાં તો વ્યાપક માત્રામાં આ અસંતોષ પ્રવર્તે છે. બીજાની જોડે સરખામણી કરીને માણસ પોતાની પાસે જે છે તેને ગુમાવી રહ્યો છે. બાહ્યાડંબરનાં સમયમાં વધુને વધુ દેખાડો કરવામાં વિનાશને માર્ગે



સમાજ જઈ રહ્યો છે. ચારે બાજુ નજર નાખશો તો આ વાત સમજાશે.

બાળપણથી બાળકની શક્તિમર્યાદાઓ કે કુટુંબ મર્યાદાઓને અવગણીને અથવા વધુ પડતી અપેક્ષાઓને લઈ બાળક તેની મરજી મુજબના માર્ગે વિકસી શકતું નથી. પરાણે કે પ્રગતિના નામે ભાર વહન કરે છે. બાળક તેનાથી બનતી તમામ કોશિશ કરે છે. પરંતુ મા-બાપનો અસંતોષ તેના જીવનને પરેશાનીઓથી જ ભરી દે છે. બાળકને તેના પસંદગીના ક્ષેત્રમાં મોકલવામાં કયાં વાંધો હોય છે. પણ અન્ય વ્યક્તિની પોતાની રૂંધાયેલી યા ન પામી શકેલી મંઝીલને આધારે તેને ધકેલવામાં આવે છે. પોતાના અધુરાં સ્વપ્નો બાળક પર ઠોકી બેસાડવામાં આવે છે, અને પછી બાળક આ ન ગમતા વિષયમાં ધાર્યું પરિણામ ન લાવી સકે તો અસંતોષ સાતમે આસમાને પહોંચે છે. શ્રી ઈડિયટ્સમાં કયાંક આ વાત ઉપર સ્પષ્ટ પ્રકાશ પાડવામાં આવ્યો છે. અસંતોષી સ્ત્રી પતિ સુધ્ધાંને દાવ ઉપર શું નથી લગાવતી?

પોતાની મર્યાદાઓને જાણવી અત્યંત જરૂરી છે. અને આ મર્યાદાઓની હદમાં થતાં મહત્તમ વિકાસને શ્રેષ્ઠ માની સંતોષ કેળવવામાં આવે તો સુખ અને શાંતિનાં પ્રત્યક્ષ દર્શન થઈ શકે, પરંતુ પોતાની મર્યાદાઓને નજર અંદાજ કરી અન્ય સાથે હોડમાં ઉતરતાં આપણે સરવાળે તો દુઃખની જ પ્રાપ્તિ કરીએ છીએ.

અસંતોષ એ આજના સમાજનું કદાચ એક એવું પાસું છે કે જેને લીધે માનવી ગમે તે હજે નીચે ઉતરવા તૈયાર થઈ જાય છે. અરે તેને જોડે જે છે તે પણ ગુમાવી દે છે. કદાચ આવાં અસંખ્ય ઉદાહરણો ચારે તરફ નજરે પડશે.

હમણાં તાજેતરમાં "કૌન બનેગા કરોડપતિ" માં ઑવર કૉન્ફીડન્સ તથા અસંતોષની ભારે અસરમાં ૨૫ લાખમાંથી માત્ર ૮૦ હજાર મેળવનારનો દાખલો ઉદાહરણ રૂપ છે.

તમારી પાસે ઘણાં ફૂલો છે. પરંતુ સંતોષ રૂપી ધાગો હાથ લાગે તો ફૂલોનો ગજરો બને અને કિંમત તથા શોભામાં વૃધ્ધિ થાય જ. પરંતુ અંતઃપ્રેરણા વગર આ શકય નથી. સમાજમાં અસંખ્ય માણસો સંતોષ રસને લીધે અત્યંત આનંદ અને ખુશીમાં જીવી શકે છે. પરંતુ અહીં વળી પાછી જોનારની નજર જુદું જોશે. કહેશે તે તો આળસું છે. તેને સુખની કયાં ખબર છે? વગેરે વગેરે.

હા, સુખ હોય, શક્તિ હોય હજુ વધુ મેળવવાની હામ હોય અને મંઝીલ સામે હોય ત્યારે જેટલું છે તેટલાથી સંતોષ માની બેસી રહેવું એ ઉચિત નથી, પરંતુ ત્યારે માત્ર પ્રગતિ, વિકાસ અને અન્યની સુખાકારી માટે કામ કરતા ધનાઢ્યો ને અસંતોષી ન ગણી શકાય. આવા વ્યક્તિઓ પૂર્ણ સુખમાં રહે છે તથા પ્રગતિ પણ કરે છે. આવા માણસો વીર ગણી શકાય.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૯મી જાન્યુઆરી**

● સુબ્રમણ્યમ ભારતી - દક્ષિણ ભારત માટે ગીતોનો મોટામાં મોટો વારસો મૂકી જનારા.

સ્વદેશી - ઇન્ડિયાના તંત્રી, 'ભય ફેંકી દો - વિજય આપણો છે' આ સૂત્ર આપનારા ભારતીજી પર સુભાષચંદ્ર બોઝ પણ ખુશ રહેતા. ૨૯મી સપ્ટેમ્બરે તેમની પુણ્યતિથિ.

● ટોગોલેન્ડનો સ્વાતંત્ર્યદિન - ૧૯૬૦.

● ૧૯૨૯ માં અભિનેતા પૃથ્વીરાજ કપૂર પોતાની



અભિનય કળા અજમાવવા સૌ પ્રથમવાર મુંબઇ આવ્યાં.

● ૧૯૦૮ - રામધારીસિંહ દિનકરનો બિહારના સિમરિયા ગામે જન્મ.



● ૧૯૨૫ લી.ઓ. વરબીઓઇ - શાંતિ નોબેલ વિજેતા, લીગ ઓફ નેશનના પ્રથમ પ્રમુખની પુણ્યતિથિ.

૧૯૫૨ - વૈદક, ઇતિહાસ પર સંશોધન કરનારા, લેખક દુર્ગાશંકર શાસ્ત્રીનું અવસાન.

# કુદરતનું રળિયામણું સરનામું એટલે 'ઇન્દ્રોડા પ્રકૃતિ ઉધાન'

ગુજરાતનું હરિયાળું પાટનગર ગાંધીનગર તેની સ્થાપનાથી લઇને તેની ડિઝાઇન, બાંધણી, બાગ-બગીચા, લીલાછમ્મ વૃક્ષો, સ્વચ્છ અને પહોળા રાજમાર્ગો તેમજ તેના કુદરતી સૌંદર્યને કારણે અનોખી છાપ ધરાવે છે. આ નગરની દક્ષિણ-પૂર્વે સાબરમતી નદીના કાંઠે ગુજરાત ઇકોલોજીલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (ગીર) ફાઉન્ડેશન દ્વારા સંચાલિત "ગાંધીનગરના હરિયાળા ઘરેણાં" તરીકે ઓળખાતું 'ઇન્દ્રોડા પ્રકૃતિ ઉધાન' આવેલું છે. આશરે ૧૬૮ હેક્ટરમાં ફેલાયેલા આ પાર્કની સ્થાપના ઇ.સ.૧૯૭૦માં લોકોમાં પ્રકૃતિ અને વન્યસૃષ્ટિ સાથે નિકટતા કેળવી પર્યાવરણ અંગે જાગૃતિકરણ આવે તે હેતુથી કરવામાં આવી હતી.

પ્રકૃતિશિક્ષણની સાથે નૈસર્ગિક સંશોધન કેન્દ્ર તરીકે મહત્ત્વ ધરાવતું આ ઉધાન તેના વિવિદ વિભાગો જેવા કે ડાયનાસોર પાર્ક, વનસ્પતિ ઉધાન, સર્પગૃહ, પક્ષીગૃહ, કલરવ સંકુલ, ગ્રીન વેલી, વાઇલ્ડ લાઇફ ગેલેરી, પ્રાણી સંગ્રહાલય, પ્રકૃતિ શિબિર કેન્દ્ર જેવા અનોખા વિભાગો સહિત અનેક જીવાશ્મીઓનું સંગ્રહસ્થાન પણ છે. વરસાદી મૌસમમાં સોળે કલાએ ખિલી ઊઠતા આ પાર્કમાં આકર્ષક પ્રવેશદ્વારથી માંડીને પાર્કિંગ, પાણી, રેસ્ટ પોઇન્ટ્સ, દિશાસૂચક બોર્ડસ અને વન્યજીવો અંગેની માહિલી લેખો (ઇન્ફો સ્ટોન્સ), ગાઇડ, ભાડેથી સાયકલ, વિકલાંગો માટે મફ્ત વ્હીલચેર, પ્રાથમિક સારવાર જેવી અનેક સગવડો ઉપરાંત સફાઇ અંગે ચિવટપૂર્વક ધ્યાન આપવામાં આવે છે. મોર, બુલબુલ અને બપૈયા જેવા પક્ષીઓના મીઠા-મધુરા ટહુકાઓથી ગુંજતા ઉધાનની શરૂઆત વનસ્પતિ ગાર્ડનથી થાય છે. આ વિભાગમાં લગભગ પોણા ચાર હેક્ટર વિસ્તારમાં વૃક્ષ, ક્ષુપ, ઘાસ, કેક્ટ્સ, ઔષધિઓ અને વેલાઓની અસંખ્ય જાતોનું કાળજીપૂર્વક કરવામાં આવ્યું છે. અહીં સંપૂર્ણ વૈજ્ઞાનિક પધ્ધતિથી ઉછેરવામાં આવતી આયુર્વેદિક જડીબુટ્ટીઓની અતિદુર્લભ જાતો જેવી કે ઉઘલ, કોદારી અને કુંદેર સાથે સફેદ મૂળસી, દારૂડી, મરડાશિંગી, નગોડ, ખરસાણી અને હાડમાંસલનો સમાવેશ થાય છે. ૨૦૦ થી વધુ ઔષધીઓ ધરાવતો આ બોટાનીકલ ગાર્ડન ગ્રીન હાઉસ, ૮૦ થી વધુ પ્રકારના કેક્ટસ ધરાવતું કેક્ટસ હાઉસ, ખજુરી અને વાંસની વિવિધ જાતો સહિત અસંખ્ય જાતના વૃક્ષો ધરાવતો આર્બોરેટમ વિભાગ વિદ્યાર્થીઓ, વનસ્પતિવિદો અને સંશોધકો માટે ઉત્તમ સ્થળ છે.

- **એસ.ટી. કે સીટી બસનું સ્ટોપ આપવાની જરૂર**
- **ઉધાનમાં ફરવા માટે ભાડે અપાતી સાયકલોની સંખ્યા માત્ર પાંચ જ.**
- **પ્રાણી - પક્ષીઓનો દત્તક લેવાની યોજનાનો યોગ્ય પ્રચાર કરવાની જરૂર છે.**

ઉડતા ડાયનાસોરના મોડેલથી બનેલ પ્રવેશદ્વાર ધરાવતો ઇ. સ. ૨૦૦૨માં સ્થપાયેલ "ડાયનાસોર પાર્ક" મુલાકાતીઓનાં અનેરૂ આકર્ષણ ધરાવે છે. આશરે ચાર હેકટરમાં વિસ્તરેલ આ વિભાગમાં ૩૫ કરોડ વર્ષો પૂર્વેના જુરાસિક કાળથી શરૂ કરીને ક્રિટેરિયસ કાળ અને તૃતીય જીવયુગ જેમાં માયોસીન - પ્લાયોસીનકાળ સુધીના વિવિધ ડાયનાસોરના ઓરિજીનલ ફોસિલના માપ મુજબના આબેહૂબ મોડેલ તેમજ ગુજરાતના કચ્છ, બાલાસિનોર, દાહોદ, વિરપુર અને હિંમતનગરથી મળેલ ડાયનાસોરના ઇંડા, હાડકાં અને દાંતના જીવાશ્મિઓ સચવાયેલા છે તે પણ અઢળક માહિતિના ખજાના સાથે. અહીં એલોસોરસ, સ્ટેગોસોરસ, ભયંકર નહોરવાળા, ડિનોનીક્સ, ગર્જતી ગોધા બ્રાન્ટોસોરસ, અત્યાચારી ગોધા ટાયરેનોસોરસ, ત્રિશુંગી ચહેરો ધરાવતા ટ્રાયસિરટોપ્સ, રાક્ષસી ગરોળી વિશેષ આકર્ષણ છે. આ વિભાગમા બનાવાયેલ નાનકડા પોન્ડ (તળાવ)માં કુદરતી રીતે જ થયેલો કેટફિશનો વસવાટ પણ મુલાકાતીઓમાં આશ્ચર્ય જન્માવે છે તેવું પાર્કના જીયોલિસ્ટ રઘજીભાઇ રાઠોડનું કહેવું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ પાર્ક વિકસાવતી વખતે માત્ર ત્રણ જ માસની અંદર જ તમામ ફોસિલ એકત્ર કરવામાં આવ્યા હતા. જો કે તેમને મહેનતના પ્રમાણમાં ઓછી સફળતા મળ્યાનો અફસોસ પણ છે.

ઉધાનની મધ્યમ પાર્ક વોર્ડની ઓફિસ આવેલી છે તેની નજીકમાં જ સર્પગૃહ આવેલું છે જેમાં નાગ, કાળોતરો, ખડચિતરો જેવા ઝેરી સર્પો સાથે ધામણ, આંધળી ચાકણ, ભંફોડી, અજગર જેવા બિન ઝેરી સાપોનો પણ સંગ્રહ સચિત્ર માહિતી સાથે છે જે સરિસૃપો અંગે ફેલાયેલી ગેરસમજો દૂર કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. ત્યારબાદ પક્ષીગૃહમા વિવિધ જાતની સમડી ઉપરાંત સારસ, લવબર્ડસ, રેવી - દેવી ઘુવડ, સફેદ મોર, પહાડી પોપટ, બજરીગર, કોકટીલ જેવા ૧૮૦ જાતના પક્ષીઓ કિલ્લોલ કરે છે. પાર્ક વોર્ડન નટવર હેડાઉના જણાવ્યા અનુસાર અહીં આશરે ૬૫ જાતિના પક્ષીઓનો કુદરતી વસવાટ હોવાથી નેચર લવર્સ, બર્ડ વોચર્સ અને પક્ષીવિદો માટે પસંદગીનું સ્થળ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)